

# રવીન્દ્ર

**— યશવન્ત મહેતા**

બંગાળનો એક નાનકડો છોકરો. એનું નામ રવીન્દ્ર.

સાત ભાઈઓમાં એ સૌથી નાનો. છ મોટા ભાઈઓ.

આ છોકરાનો જન્મ ઈ.સ. ૧૮૬૧ની સાતમી મેના દિવસે થયો. ત્યારથી જ મોટા ભાઈઓને નિશાળે જતા જુએ. ભાઈઓ નવાં કપડાં અને ચોપડીઓ લઈને ભણવા જાય. નાનેરા ભાઈને પણ એમની સાથે જવાનું મન થાય. ભણતરમાં તો કેવીય મજા હશે, એની કલ્પના એ કર્યા કરે.

આથી એણે તો બાપા પાસે હઠ પકડી : મને જલદી નિશાળ મોકલો.

બાપા કહે કે ભાઈ ! તું હજી નાનો છે. તને નિશાળે જવાને વાર છે.

પણ રવીન્દ્ર એકનો બે ન થયો, એટલે બાપાએ નમતું જોખ્યું અને રવીન્દ્રને નિશાળે બેસાડયો.

પણ નિશાળે ગયા પછી થોડા જ દિવસોમાં રવીન્દ્ર ત્રાસી ગયો. નિશાળ એને જેલ જેવી લાગવા માંડી. ત્યાં તો વખતસર જવું પડે. શિસ્તથી બેસવું પડે. બોલવાનીય છૂટ નહિ.

રવીન્દ્રને થોડા વખતમાં તો નિશાળનો ને ભણતરનો મોહ ઊતરી ગયો. એણે નિશાળે જવાના અખાડા કરવા માંડયા.

એક વાર તો એણે વિચાર્યું કે શરદી લાગે અને તાવ આવે તો હું નિશાળે જવામાંથી બચી જાઉં. આથી પોતે નજીકની નદીએ ગયા. કેટલીય વાર સુધી જૂતાં અને મોજાં સહિત જ પગ નદીમાં બોળી રાખ્યા. પછી એવાં જ લદબદ જૂતાં પહેરીને આખો દિવસ ફર્યા. પણ દુર્ભાગ્યે તાવ એમને આવ્યો જ નહિ ! નિશાળે જવું જ પડયું.

રવીન્દ્રના પિતાનું નામ દેવેન્દ્રનાથ. એ બંગાળના મોટા જમીનદાર હતા. ખૂબ ધનવાન હતા. ઠાકોર એટલે કે 'પ્રિન્સ' કહેવાતા. પોતે ધનવાન હતા એટલે છોકરાઓને ભણાવવા પાછળ ખર્ચ પણ ખૂબ કરતા. ઘેર પણ શિક્ષકોની ફોજ ટ્યૂશન આપવા આવતી.

બિચારા રવીન્દ્રને લાગ્યું કે ભોગ મારા કે મેં ભણતરની હા પાડી ! એનું મન ભણતરમાં બહુ લાગતું નહિ. એ તો વર્ગમાં બેઠો બેઠો પણ આકાશના ને પંખીઓના ને ઊડવાના વિચારો કર્યા કરતો.

કલ્પનાશીલ એવો કે સાવ ગાંડો જ લાગે ! એક વાર તો પોતાના ઓરડામાં એક ખૂણે થોડી માટી નાખીને એમાં સીતાફળનું બી વાવ્યું. એને રોજ પાણી પાય. રોજ એની પાસે બેસી રહે અને વિચાર્યા કરે કે હવે થોડા જ વખતમાં આમાંથી ઝાડ ઊગશે, સીતાફળ બેસશે, અને બંદા બેઠા બેઠા સીતાફળ ખાશે !

પહેલાંના જમાનામાં ધનવાનોના ઘરની વાતો બધી અજબ હતી. ત્યાં સમૃદ્ધિ તો ઘણી વસતી, પરંતુ સ્વતંત્રતાનું નામનિશાન નહિ. અને આવી પરતંત્રતા એકલાં દાસદાસીઓને જ નહિ, કુટુંબના સભ્યોને પણ લાગુ પડતી. દેવેન્દ્રનાથના મહેલ જેવા મકાનમાં અને વિશાળ બગીચામાં રવીન્દ્ર ફાવે ત્યાં ફરી શકતો નહિ ! એને માથે અનેક બંધન હતાં. અમુક ઓરડામાં તો એનાથી પેસાય જ નહિ. નોકરને સાથે લીધા વગર બગીચામાં જવાય નહિ. માબાપનાં તો દર્શન પણ દુર્લભ. નોકરોને સહારે મોટા થવાનું.

અને નોકર કાંઈ બધા સરખા હોય છે ? એક નોકર ગજબનો રખડેલ હતો. રવીન્દ્ર એને ભારરૂપ લાગતો. આથી એ ઘણીવાર રવીન્દ્રને એક ઓરડામાં બેસાડીને આસપાસ ખડીથી એક કૂંડાળું કરતો. પછી કહેતો, 'જો રવીન્દ્ર ! આ કૂંડાળું ઓળંગીશ નહિ. જો તું મારી આણ નહિ માને તો તારું વહાલામાં વહાલું માણસ ફાટી પડશે.'

બિચારો રવીન્દ્ર ! આ કૂંડાળું ઓળંગવાની હિંમત એ કરી શકતો નહિ. કૂંડાળામાં બેઠા બેઠા જ એ બારીમાંથી બહાર જોયા કરતો. ત્યાં ઊડતાં પંખી, પવનમાં લહેરાતાં વૃક્ષ, સૂરજનાં કિરણોમાં ચમકતું તળાવ, જતા–આવતા માનવી જોઈ રહેતો. એને આઝાદ બનીને હરવા–ફરવાનું બહુ મન થતું. પણ એ કરે શું ?

રવીન્દ્રની આ ઝંખના અને આ કલ્પનાશીલતા થોડા જ વખતમાં એક નવા પ્રવાહમાં વહેવા લાગી : એણે પોતાની બધી ઝંખના અને કુદરતનો બધો પ્રેમ કવિતાના રૂપમાં પ્રગટાવવા માંડયો. ફક્ત આઠ વરસની ઉંમરે એણે પહેલી કવિતા રચી !

પછી તો કવિતા રચવાનો ભારે છંદ લાગી ગયો. પોતે એક ભૂરા પૂંઠાની નોટબૂક મેળવી. એકાદ વરસમાં તો એ આખી નોટબૂક કવિતાઓથી ભરાઈ ગઈ !

એ સોળ વર્ષનો હતો ત્યારે એના એક મોટા ભાઈએ 'ભારતી' નામે છાપું શરૂ કર્યું. રવીન્દ્રને આ છાપામાં, કાવ્યો, લેખો, નિબંધો વગેરે જે ઈચ્છે તે લખવા માટે મોકળું મેદાન મળી ગયું. એણે ઢગલાબંધ લખાણ કરવા માંડ્યું. એ બધું લખાણ જથ્થાબંધ હોવા છતાં ખૂબ સરસ અને નવીન હતું. સોળ વર્ષની ઉંમરે એણે લખેલાં ઘણાં કાવ્યો તો આજે જગતનાં સર્વોતમ કાવ્યોમાં ગણતરી પામ્યાં છે.

એને આમ પુષ્કળ સાહિત્ય લખતો જોઈને સૌએ માન્યું કે છોકરો કવિ બનશે. પરંતુ બાપાની ઇચ્છા તેને બેરિસ્ટર બનાવવાની હતી. રવીન્દ્રના બધા મોટા ભાઈઓ પણ ઘણું ભણીને મોટા મોટા હોદ્દા પર આવેલા. એના એક મોટા ભાઈ સત્યેન્દ્રનાથ ભારતના પહેલા સર્વોચ્ચ નાગરિક અધિકારી (આઈ.સી.એસ.) હતા. આથી બાપાએ રવીન્દ્રને વિલાયતી વકીલ બનાવવા માટે ઈંગ્લેન્ડ મોકલ્યો.

રવીન્દ્ર એક વરસ વિલાયતમાં રહ્યો. પણ ત્યાં તેણે વકીલાત કરતાં તો સાહિત્ય અને સંગીતનો વધુ અભ્યાસ કર્યો. બાર મહિના પછી એ દેશની મુલાકાતે આવ્યો. ત્યારે રસ્તામાં 'ભગ્નહૃદય' નામે લાંબું કાવ્ય લખતો રહ્યો.

વિલાયતથી પાછા આવ્યા બાદ એણે પરદેશમાં અને દેશમાં શીખેલા સંગીતના સૂરોની મિલાવટ કરીને 'વાલ્મીકિપ્રતિભા' નામનું સંગીતનાટક લખ્યું. આ નાટક એણે પોતાના કુટુંબના જ સભ્યોની મદદથી કુટુંબીઓ આગળ ભજવી બતાવ્યું. એ નાટક ખૂબ જ સફળ રહ્યું.

પરંતુ એમના પિતાએ ફરીથી આગ્રહ કર્યો કે આ નાટક અને કવિતા છોડ, વિલાયત જઈને બેરિસ્ટર બની આવ. રવીન્દ્ર અઢાર વર્ષની ઉંમરે વિલાયત જવા તૈયાર થયો. એની સ્ટીમર મદ્રાસથી ઊપડવાની હતી. પોતે ગાડી મારફત મદ્રાસ પહોંચ્યો. પરંતુ ત્યાં એકાએક બીમાર પડી ગયો. પાછો આવ્યો અને સંપૂર્ણપણે કાવ્ય–નાટકની સેવામાં લાગી ગયો.

તમે કદાચ આ રવીન્દ્રને ઓળખી ગયા હશો.

હા, આ રવીન્દ્ર એ જ આપણા દેશના કવિવર રવીન્દ્રનાથ ટાગોર.

મોટા થઈને એમણે 'ગીતાંજલિ' જેવાં ઘણાં કાવ્યો લખ્યાં. 'ઘરે બાહિરે' જેવી ઘણી નવલકથાઓ લખી, 'શાંતિનિકેતન' નામની યુનિવર્સિટી શરૂ કરી. એમનાં કાવ્યો માત્ર ભારતમાં જ નહિ, દુનિયાભરમાં વખણાયાં. એશિયા ખંડમાં સૌથી પહેલું સાહિત્યનું નોબેલ પારિતોષિક ઈ.સ. ૧૯૧૩માં એમને અપાયું.

ઈ.સ. ૧૯૪૧માં ૮૦ વરસની ઉંમરે એમનું અવસાન થયું ત્યાં સુધીમાં આધુનિક ભારતના સૌથી મહાન કવિ તરીકેની તેમની નામના થઈ ચૂકી હતી.

■